# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com


અખબારી યાદી ૨૬-૦૭-૨૦૨૫

• "સંગઠન સૃજન અભિયાન" અંતર્ગત નવનિયુક્ત જિલ્લા પ્રમુખો માટે તારીખ 26-27-28 જુલાઈના રોજ પ્રશિક્ષણ શિબિરની આણંદ ખાતે ન્યાય યોદ્ધા રાહુલ ગાંધી ની ઉપસ્થિતિમાં શરૂઆત.

• સંગઠન પ્રભારી અને એઆઈસીસીના મહામંત્રી શ્રી મુકુલ વાસનીકજી, પ્રદેશ અધ્યક્ષશ્રી અમિતભાઈ ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી સહિત રાષ્ટ્રીય તથા પ્રદેશના નેતાઓ ઉપસ્થિત રહ્યા.

• ગુજરાતના દૂધ સંઘો સાથે જોડાયેલા સભાસદો સાથે આણંદ ખાતે તેમના પ્રશ્નો અને ન્યાય માટે રાહુલજીએ વિશેષ સંવાદ કર્યો.

• ગંભીરા બ્રિજ દુર્ઘટનાના પીડિત પરિવારોએ સરકાર દ્વારા ન્યાય ન મળતા, ન્યાયની આશા સાથે જનનાયક શ્રી રાહુલ ગાંધીને તેમની વ્યથા રજૂ કરી.

આણંદ ખાતે જિલ્લા પ્રમુખશ્રીઓ ત્રી દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળાને ખુલ્લું મુકતા લોકસભા વિરોધ પક્ષના નેતા શ્રી રાહુલ ગાંધીએ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે જિલ્લા પ્રમુખો ગુજરાતમાં હવે પછી યોજાનારી દરેક ચૂંટણીમાં ટિકિટ વહેંચણીમાં જિલ્લા અને શહેર પ્રમુખની અગત્યની ભૂમિકા રહેશે. ઉમેદવાર અંગેની આખરી પસંદગીના નિર્ણયમાં પ્રદેશ કોંગ્રેસની સાથે જિલ્લા કે શહેર પ્રમુખની સહમતિ અનિવાર્ય રહેશે. દર મહિને જિલ્લા અને શહેર પ્રમુખના કાર્યોનું મૂલ્યાંકન થશે. દરેક વ્યક્તિના પરફોર્મન્સ થકી સંગઠનની સમીક્ષા કરવામાં આવશે. જે જવાબદારી સાથે જવાબદેહી પણ નક્કી કરવામાં આવશે. સંગઠન સૃજન અભિયાન આગામી વિધાનસભાની ચૂંટણી માટે ખૂબ મહત્વપૂર્ણ છે. લોકોની સાથે કોંગ્રેસની વિચારધારાને વળગી રહીને દલિત, શોષિત, વંચિત, યુવા, ખેડૂતો, મહિલાઓને તથા અન્યાય માટે લડત આપે.

ગુજરાત સંગઠન પ્રભારી અને રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી શ્રી મુકુલ વાસનીકે જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાન અન્વયે જિલ્લા પ્રમુખની આગવી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આજના પ્રશિક્ષણ શિબિરમાં તમામ જિલ્લા પ્રમુખો વિચારધારાથી સશક્ત બને અને કોંગ્રેસના સંગઠનને મજબૂતી આપે તે દિશામાં કાર્ય કરવાનું છે ગુજરાત કોંગ્રેસના સંગઠનને મજબૂત કરીને કોંગ્રેસ પક્ષ ગુજરાતના નાગરિકોને હક અધિકાર અપાવશે અને ભાજપને ચોક્કસ હરાવીશું.

સંગઠન સૃજન અભિયાન હેઠળ જીલ્લા પ્રમુખશ્રીઓના પ્રશિક્ષણ શિબિરમાં જનનાયકશ્રી રાહુલ ગાંધીને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપ સરકારમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે પ્રજા અતિશય મુશ્કેલી અનુભવી રહી છે, સંગઠન સુજન અભિયાનમાં આપ સૌ

જિલ્લા અને શહેરના પ્રમુખ તરીકે જે પ્રશ્નો સ્થાનિક કક્ષાએ છે તે ઉઠાઓ અને આપણે સૌ સાથે મળીને લડીશું, આગામી સમયમાં અનેક પડકારો છે ત્યારે આ પડકાર સામે પ્રજાને સાથે રાખીને લડત આપીશું. આપણા નેતાશ્રી રાહુલ ગાંધીજી આપણને સ્પષ્ટ કીધું છે કે "ડરો મત" ત્યારે આપણે સૌ મજબૂતીથી સંગઠનને કાર્યરત કરીને જનતાના મુદ્દાઓ ને સડકથી લઈને વિધાનસભા સુધી લઈ જઈશું તેઓ આપણે સૌ સંકલ્પ કરીએ.

આભાર વિધિ કરતાં વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં હું અને પ્રમુખશ્રી અમિતભાઈ જિલ્લા તાલુકા કે બુથ સુધી જ્યાં પણ અમારી જરૂર પડે ત્યાં પક્ષ માટે હાજરી આપવા ઉપલબ્ધ રહીશું. સાથે સાથે દરેક આગેવાનશ્રીઓ અને જિલ્લા પ્રમુખશ્રીઓને પોતાની જવાબદારી મહેનત અને ઈમાનદારીથી નિભાવવાનું આહવાન કર્યું હતું.

ગુજરાતના દૂધ સંઘો અને તેમની સાથે જોડાયેલા સભાસદો તથા પશુપાલકોએ ન્યાય મેળવવા પોતાની વ્યથા ઠાલવતા રાહુલ ગાંધીજીને રજૂઆત કરી હતી કે ડેરી દ્વારા દૂધના પૂરતાં ભાવ અપાતા નથી, સહકારી ક્ષેત્રમાં રોજગારમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચાર છે, નોકરી માટે લાખો રૂપિયાની લાંચ આપવી પડે છે, સહકારી સંસ્થાઓમાં કોન્ટ્રાક્ટ પ્રથાના લીધે મોટા પાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભાજપના મળતીયાઓને આઉટસોર્સિંગના માધ્યમથી કોન્ટ્રાક્ટ આપવામાં આવી રહ્યા છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીજીએ સહકારી ક્ષેત્રના પ્રશ્નોને લોકસભા માં ઉપાડવાની બાહેધરી આપી હતી અને તેમના પ્રશ્નો માટે તેમની સાથે આંદોલન માટેની તૈયારી બતાવી હતી.

ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં 20 થી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા ત્યારે પીડિત પરિવારો ગુજરાત સરકાર દ્વારા ન્યાય ન મળતા, ન્યાયની આશા સાથે જનનાયક શ્રી રાહુલ ગાંધીને મળ્યા હતા અને તેમની વ્યથા રજૂ કરી હતી. જનનાયક રાહુલ ગાંધી પર સમગ્ર દેશની જનતાને તેઓ ન્યાય અને અધિકાર અપાવશે તેની ખાતરી અને વિશ્વાસ છે

સંગઠન સૃજન અભિયાન અંતર્ગત ત્રિદિવસીય પ્રશિક્ષણ શિબિરના પ્રથમ દિવસે એઆઈસીસી ટ્રેનીંગ ઇન્ચાર્જ શ્રી સચિન રાવજી, એઆઈસીસી વોર રૂમ ઈનચાર્જ અને સાંસદ શ્રી શશિકાંત સેન્થીલ , પ્રદેશ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ અને સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલ, સી ડબ્લ્યુસી સદસ્ય શ્રી જગદીશ ઠાકોર, સીઇસી સદસ્ય શ્રી એમીબેન યાજ્ઞિક, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજી દેસાઈ, પૂર્વ વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી પરેશ ધાનાણી, શ્રી સુખરામ રાઠવા, એઆઈસીસીના મંત્રી અને ગુજરાત સંગઠન સહ પ્રભારી શ્રી રામકિશન ઓઝાજી, શ્રી ઉષા નાયડુજી, શુભાષિની યાદવજી, શ્રી ભુપેન્દ્ર મારવીજી, રાષ્ટ્રીય એસટી સેલના અધ્યક્ષ શ્રી વિક્રાંત ભુરીયા સહિત ધારાસભ્યો, નવનિયુક્ત શહેર જિલ્લા પ્રમુખોએ ઉપસ્થિત રહી ગુજરાતના પ્રાણ પ્રશ્નોને નિવારવા સંકલ્પબદ્ધ બન્યા.

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
૯૮૯૮૨૩૩૦૩૮